સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

માત્ર રસ્તાને રોશની એ તો દાંભિક વિકાસ છે,
ફૂલેલાં ખોખલાં ખોડિયાં પર એ તો ફિકાસ છે,
તિખાસ છે હૃદયે હળાહળ અસહિષ્ણુતાની -
જ્ઞાતિવાદ લોકતંત્રની લપસણી ચિકાસ છે...
(ગંદકી મનમાં છે - રાષ્ટ્રપતિ)

હાઈકુ

સાપને ઘેર,
જીભ ચાટી હરખે -
પરોણો સાપ!
(ઓબામા એ વખાણ કર્યાં!)

જયાબેન ને
અવકાશી આફતે
મળી 'રાહત'!
(મોદી વરસ્યા...)

ચિંતન

સંતોષ-અમૃત તૃપ્તાનાં સત્-સુખમ્ શાંત ચેતસામ્ ।
નય તદ્ ધનલુબ્ધાનાં મિત રચેતસ્ય ધાવતામ્ ॥

જે વ્યક્તિ સંતોષ રુપી અમૃત દ્વારા તૃપ્ત થયા છે, એમને અનંત માનસિક શાંતિ પ્રાપ્ત થાય છે - પરંતુ જે લોકો 'લાવ - લાવ' ની અસંતોષી વૃત્તિવાળા છે અને ધન-સમૃદ્ધિ પ્રાપ્ત કરવા - સાચા-ખોટા માર્ગો પર આંખ મીંચી સતત દોડ્યા જ કરે છે એમને અંતે દુઃખ અને થાક સિવાય કંઈ જ પ્રાપ્ત થતું નથી. અસંતોષી વ્યક્તિ સદાય 'અછત - નથી' ની ભાવાન સાથે દુઃખી જ રહે છે.

જે મળ્યું છે તેમાં સંતુષ્ય રહેનાર, સરળ-સાદી-ઓછી જરૂરિયાતવાળી જિંદગીમાં સંતોષરૂપી અમૃત સુખ-શાંતિ રેડે છે.

'સંતોષ'નો અર્થ આળશવૃત્તિ પોષી બેસી રહેવું કે દોડાદોડ ન કરવી એવો નથી પણ પ્રવૃત્તિ કર્યા પછી જરુરી એટલું જ પામો લોભ-બચતની સંગ્રહખોરી કરવા માટે દોડાદોડ ન કરવી...

સુવિચાર

- વિશ્વાસ એવી વ્યક્તિ ઉપર કદી ન કરો કે જેની લાગણી સમય સાથે બદલાય, પણ વિશ્વાસ એવી વ્યક્તિ ઉપર કરો કે સમય બદલાય પણ લાગણી ના બદલાય - **ઝેન કથન**
- અપની ગલતીયોં પર અપના પક્ષ રખને કે લીયે હમ અચ્છે વકીલ સાબિત હોતે હૈ, ઔર દૂસરોં કી ગલતીયોં પર નિર્ણય કરને કે લીયે અચ્છે ન્યાયાધીશ - **ઓશો**
- જો બની શકે તો તમે જન્મ શુદ્ધ બનો... તે શક્ય ન હોય તો પાપશુદ્ધ બનો જ - **મુનિ ચંદ્રશેખર વિજયજી**
- જે વ્યક્તિ તમારી સાથે દિલથી વાત કરતો હોય તેને કદી દિમાગથી જવાબ ન આપતાં - **જય સંઘવી**
- પોતાના વિવેકને પોતાનો શિક્ષક બનાવી લો, કર્મ, વચન ને અનુરુપ, અને વચનને કર્મ અનુરુપ બનાવી લો - **કાન્તિ ભટ્ટ**

(સંકલન : દીપક વી. આસરા)

બોધકથા

સેવાના અનેક ક્ષેત્રો છે અનેક ગરીબ-દુઃખી-દઈ લોકો છે ગરીબ વિદ્યાર્થીઓ છે એમાંના એકાદનો પણ હાથ આપણે પકડી લઈએ તો એ મોટી સેવા છે. બાકી સરકાર કરશે - ધનવાન કરશે - એનજીઓ કરશે એવું મન મનાવી આપણે છટકી જઈએ તે અલગ છે...

સવારે સમુદ્ર કાંઠે ફરવા નીકળેલો એક કિશોર, દરિયાકાંઠે સમુદ્રના મોજાં સાથે તણાઈ આવી કાંઠે રહી તરફડતાં માછલાં ને દોડી દોડી પાછાં સમુદ્રમાં ફેંકતો હતો અને માછલું ઝડપથી સમુદ્રમાં હસતું-હસતું ખોવાઈ જતું હતું.

ત્યાંથી એક સંત પણ સમુદ્રકાંઠે 'મોર્નિંગ વૉક' માટે નીકળ્યા. એણે બાળકની ચેષ્ટા જોઈ કહ્યું, 'બેટા! સમુદ્રકાંઠે માછલાં તણાઈ આવે અને કાગડા-બગલાં લઈ જાય એ નિરંતર પ્રક્રિયા છે તું એક-બે ને બચાવીશ તેથી કંઈ 'ફરક' નથી પડવાનો-'

કિશોર કહે - બાબા! ફરક પડે કે ન પણે - પણ મને તો એક-બે જીવ બચાવવાનો આનંદ મળે છે એ જ મારા માટે 'મોટો' ફરક છે... સંતના કપાળમાં કરચલીઓ પડી ગઈ...

છઠ્ઠી ડિસેમ્બર : યાદગાર દિવસ

આજે છઠ્ઠી ડિસેમ્બર. બંધારણના ઘડવૈયાના નિર્વાણ દિવસ કરતાં જનમાનસમાં આ દિવસ બાબરીધ્વંસની કમનસીબ ઘટના સ્વરુપે વિશેષ અંકાયેલો છે. આ વર્ષે આંબેડકરની સવાસોમી જયંતીની વર્ષભર ઉજવણી થતી રહી. એમને સંભારીને સાચીખોટી શ્રદ્ધાંજલીઓ પણ અપાઈ. 'સંવિધાન દિવસ' તરીકે ૨૬ નવેમ્બરની ઉજવણી પણ થઈ. બહુ ઓછા લોકો જાણે છે કે વડોદરા નરેશ મહારાજા સયાજીરાવ ગાયકવાડે ખાસ સ્કૉલરશિપ આપીને આંબેડકરને અમેરિકા વધુ અભ્યાસાર્થે મોકલ્યા હતા અને સ્વદેશ પરત આવેલા યુવાન આંબેડકરને સૌથી પહેલી નિમણૂક ઉત્તર ગુજરાતના વીસનગરમાં મળી હતી. તેઓ ચાર્જ લેવા પહોંચ્યા તે પહેલાં નવા 'સૂવા' તો અસ્પૃશ્યત જાતિના હોવાના સમાચાર પહોંચી ગયા હતા, જેથી આખી ઓફિસ એમની વિરુદ્ધ થઈ ગઈ હતી. પટાવાળો એમને પાણી સુદ્ધાં આપવા તૈયાર નહોતો. આદિકાળથી શરુ થયેલી ઉચ્ચાવચતાની હરીફાઈ કાળક્રમે વર્ણાશ્રમ તરીકે પ્રસ્થાપિત થઈ હતી, જેના અંકોડા ઉકેલવા અને

તંત્રીસ્થાનેથી....

તોડવાનો ભગીરથ પુરુષાર્થ બાબાસાહેબ આંબેડકરે જીવનપર્યંત કર્યા કર્યો. દલિત-વંચિત-શોષિત સમુદાયોને વિકસિત જનસમુદાયની હરોળમાં ઊભા રહેવા વિશેષ સંરક્ષણની જરુર હતી, જે બંધારણ દ્વારા 'અનામત' તરીકે અપાઈ. ડૉ. બાબાસાહેબ આંબેડકરે સર્વાશ્લેષી બંધારણ ઘડીને દેશની પ્રજાને જાતિ કે લિંગભેદ વગર સમાન દરજ્જો અપાવી દેશને અકસૂત્રતાના તાંતણે બાંધી એક મજબૂત લોકતંત્રનો પાયો નાખ્યો છે. મહાત્મા ગાંધી, પંડિત જવાહરલાલ નહેરુ અને સરદાર પટેલની પંગતમાં એમણે યુગપુરુષ તરીકે પોતાની જગ્યા કરી લીધી છે. સૌથી મોટો ઉપકાર તો એમણે હિંદુ સમાજ પર કર્યો છે - પોતે વ્યથિત થઈને જે ધર્મ છોડ્યો હતો એની સાથે સંકળાયેલા દલિત સમાજને સ્વમાનપૂર્વક સમાન અધિકારોની સુસજ્જ કરી એમણે વિખરાયેલા હિંદુ સમાજને વધુ મજબૂત બનાવ્યો છે. જો બાબાસાહેબે પણ મહમંદ અલી ઝીણાના માર્ગે ચાલી અલગ દલિત રાજયની માગણી કરી હોત તો કલ્પના પણ ન થઈ શકે એવી ભયંકર પરિસ્થિતિ સરજાઈ હોત. બેવડા મતાધિકારની એમની માગણીના વિરોધમાં મહાત્મા ગાંધીએ આમરણાંત ઉપવાસની જાહેરાત કરી ત્યારે પોતાની ફોર્મ્યુલા પડતી મૂકીને એમને ગાંધીજીના ઉપવાસ છોડાવ્યા હતા. એ નિમિત્તે બેઉ રાષ્ટ્રપુરુષો વચ્ચે થયેલા સમાધાનના મુસદ્દાને આપણે 'પૂના કરાર' તરીકે ઓળખીએ છીએ. આવા મહાન રાષ્ટ્રપુરુષને શ્રદ્ધાંજલિ પાઠવવા રાજય સરકારે વર્ષ દરમિયાન અનેક કાર્યક્રમો યોજવાનું નક્કી કર્યું છે. આજે અમદાવાદ ખાતે યોજાયેલ દલિત સાહિત્ય પરિસંવાદ એની જ એક કડી છે. છઠ્ઠી ડિસેમ્બર-૧૯૯૨ના દિવસે અયોધ્યામાં રામજન્મભૂમિ પર મોગલશાસન દરમિયાન નિર્મિત બાબરી મસ્જિદ રામસેવકોના પુણ્યપ્રકોપનો ભોગ બની હતી, જેની ફળશ્રુતિ લેખે દેશમાં કોમી એખલાસ જોખમાયો હતો અને કેન્દ્રમાં ભાજપના નેતૃત્વ હેઠળ એનડીએ સરકાર અસ્તિત્વમાં આવી હતી. 'રામલલા હમ આયેંગે, મંદિર વહીં બનાયેંગે' નાં સૂત્રો સાથે વિશ્વ હિંદુ પરિષદના કાર્યકરો આટલાં વર્ષોથી એ સ્થળે દિવ્ય અને ભવ્ય રામમંદિર બંધાય, એવી આશા સેવી રહ્યા છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે વિશ્વ હિંદુ પરિષદના પ્રમુખ અશોક સિંઘલના નિધન વખતે અને ત્યાર પછી શહીદ કોઠારી બંધુઓની નિવાપાંજલી સમયે જે વિધાન કર્યા છે, તેથી ઊહાપોહ જાગ્યો છે. રામમંદિરનો મુદ્દો લટકતો રાખી એનો રાજકીય દુરુપયોગ કરાઈ રહ્યો હોવાનો આક્ષેપોમાં તથ્ય હોય તો એ ખરે જ નિંદનીય બાબત ગણાવી જોઈએ. રામમંદિર બનવું જોઈએ, અને એ વહેલી તકે, સર્વસમંતિથી જ બનવું જોઈએ એવું તો અદાલત સહિત દેશના દરેક નાગરિક પણ ઈચ્છે જ. આ મુદ્દાનો રાજકીય ઉપયોગ કરવાની ગંદી ચાલ ભાજપને ભારે પડી શકે છે.

શું વનસ્પતિમાં બુદ્ધિ છે?



વનસ્પતિ અને પ્રાણીઓનો ઉલ્લેખ આપણે જીવસૃષ્ટિમાં કરીએ છીએ. બંને વચ્ચે મુખ્ય તફાવતો ઘણાં છે છતાં જીવ છે તેનું સ્વીકારાયું છે. મોટાભાગના પ્રાણીઓ એક જગ્યાએથી બીજી જગ્યાએ હલન-ચલન કરીને જી શકે છે અને અપવાદ સિવાય જોઈ, સુંઘી, બોલી, સાંભળી અને સ્પર્શ અનુભવી શકે છે. જયારે આ બધી જ ક્રિયાઓ વનસ્પતિ કરી શકતી નથી તેવું આપણે માનવીએ છીએ ત્યારે સમયાંતરે કેટલાક વૈજ્ઞાનિકો આ પ્રકારની હકીકતોમાં નવી દિશાઓ સુચવતાં રહે છે અને તેમાંથી એક પ્રશ્ન આપણાં સહુના મનમાં ઉપસ્થિત થાય છે કે શું વનસ્પતિઓ પણ આ પાંચ પ્રકારની પંચેન્દ્રિયોનું જ્ઞાન કે ક્ષમતા ધરાવે છે?

ઈટાલીયન પ્લાન્ટ ફીઝીયોલોજીસ્ટ (વનસ્પતિ શરીરશાસ્ત્રી) સ્ટેફાનો માનકુસોએ હાલમાં જ એક પુસ્તક પ્રકાશિત કર્યું જેનું નામ છે 'બ્રીલીયન્સ ગ્રીન : ધ સરપ્રાઈઝીંગ હીસ્ટ્રી એન્ડ સાયન્સ ઓફ પ્લાન્ટ ઈન્ટેલીજેન્સ' - અર્થાત્ 'હોંશિયાર હરિયાળી : વનસ્પતિ બુદ્ધિનો આશ્ચર્યજનક ઈતિહાસ અને વિજ્ઞાન.' આ પુસ્તકમાં તેમને તર્કસંગત દલીલો અને પ્રયોગ આધારીત પુરાવાઓ રજૂ કરીને વનસ્પતિમાં બુદ્ધિ હોવા બાબતે તથ્યો રજૂ કર્યા છે. તેમના જણાવ્યા પ્રમાણે પ્રાણીઓની સંવેદના ગ્રંથિઓથી વિપરીત વનસ્પતિમાં મુખ્યત્વે મુળમાં જટીલ અને ગૂઢ સ્વરુપે કાર્ય કરતી જ્ઞાનેન્દ્રીયો હોય છે જે તેની આસપાસના સતત બદલાતાં રહેતાં પર્યાવરણને અનુરુપ કાર્ય કરે છે. આ માટેના તેમના અને તેમના સાથીઓના લાંબા ગાળાના કષ્ટયુક્ત પ્રયોગો બાદ વનસ્પતિઓમાં ૧૫ જેટલી સંવેદનાઓ પારખવાની ક્ષમતા કે શક્તિને શોધી કાઢી જે આપણાં માનવોમાં ફક્ત પાંચ જ તેમ કહી શકાય.

વનસ્પતિ હવામાં રહેલા રસાયણોની હાજરીને સુંઘી અને ચાખી શકે છે અને તેની પરખ મેળવીને તે મુજબ પ્રતિક્રિયાઓ દર્શાવે છે તે જ રીતે જુદી-જુદી તરંગલંબાઈના કિરણોને જોઈને તે મુજબ તેના પર થતી અસરો પેદા થતી હોય છે. મિસૌરી યુનિવર્સિટીની હૈદી અપેલ નામની કેમિકલ ઈકોલોજીસ્ટ દ્વારા એક આશ્ચર્યજનક તથ્ય શોધી કાઢવામાં આવ્યું. તેણીએ એક છોડ નજીક ઈયળ દ્વારા તેના પર્ણોને કાપી ખાવા સમયે પેદા થતાં અવાજને સાધનની મદદથી વનસ્પતિ છોડને સંભળાવવામાં આવ્યો. મશીન દ્વારા ઈયળ દ્વારા પાન ખાવાનો અવાજ સાંભળીને તે છોડે પોતાના બચાવ સ્વરુપે રક્ષણાત્મક ઝેરી રસાયણ મુક્ત કર્યું. અવાજ સાંભળીને વનસ્પતિ છોડ દ્વારા અપાયેલ પ્રતિક્રિયા દ્વારા વનસ્પતિઓ સાંભળી શકે છે તે માનવું પડે એન તેની પદ્ધતિના રહસ્યો ખોલવા પડે.માનકુસો દ્વારા થયેલ આવા જ એક અન્ય પ્રયોગ દરમિયાન લેબોરેટરીમાં પાણીની પાઈપમાંથી વહેતાં પાણીના ખળખળ અવાજને આધારે વનસ્પતિના મૂળે તો પાઈપની ફરતે પોતાની જાળ બિછાવી દેતી જોવા મળી.

હાલમાં જ થયેલા એક પ્રયોગ દરમિયાન વધુ આશ્ચર્યજનક હકીકતો બહાર આવી. એક રૂમમાં બે છોડ મુકવામાં આવ્યા. ૬ વ્યક્તિઓને તેમાં પ્રવેશ કરીને છોડ પાસેથી પસાર થવાનું કહેવામાં આવ્યું. તે પૈકી એક વ્યક્તિને જણાવાયું કે તે કોઈ એક છોડને પર્ણ કે ડાળી તોડીને નુકશાન પહોંચાડશે. એક અઠવાડિયા બાદ જયારે ફરીથી તે જ બે છોડને રૂમમાં મુકીને ફરીથી તે જ ૬ વ્યક્તિઓને દાખલ કરવામાં આવી ત્યારે જે વ્યક્તિએ અઠવાડિયા પહેલાં એક છોડને નુકશાન પહોંચાડ્યું હતું તેના નજીક આવતાં જ નુકશાન ન હતું પહોંચાડાયું તેવા છોડ દ્વારા ડરની પ્રતિક્રિયા વ્યક્ત થઈ જેને વૈજ્ઞાનિકોએ પોલીગ્રાફ મશીન પર કાંટાના હચનચલન થકી નોંધી. ડૉકટર કલ્યુ એ કરેલા આ પ્રયોગથી એવું સમજી શકાય કે વનસ્પતિએ બીજા છોડને નુકસાન થતું જોયું, નુકસાન કરનાર વ્યક્તિને એક અઠવાડિયા બાદ પણ ઓળખી કાઢીને પ્રતિક્રિયા આપી. પોલીગ્રાફ યંત્રની મદદથી એવું જાણી શકાયું છે કે વનસ્પતિઓમાં આનંદ અને ડરની લાગણી પણ અનુભવાય છે. ન્યુયોર્કના અન્ય એક વનસ્પતિ શાસ્ત્રી વિકટર દ્વારા પણ અનેક પ્રયોગો દ્વારા આ પ્રકારના સંશોધનોને સમર્થન અપાયું છે.

જગપ્રસિદ્ધ વનસ્પતિ શાસ્ત્રી ચાર્લ્સ ડાર્વિન એવું માનતા કે વનસ્પતિને મગજ છે અને તેનું સ્થાન તેના મૂળમાં છે. આપણાં ભારતીય વૈજ્ઞાનિક જગદીશચંદ્ર બોઝ દ્વારા વર્ષો પહેલાં

અનુસંધાન પાના નં. ૫ પર

'શહેર' આલા પણ 'ગામડા' ગેલા...!!!

પહેલા બિહાર અને હવે ગુજરાત....ભાજપ માટે એક પછી એક આવેલા આ બે માઠા સમાચારો પચાવવા અઘરા છે અને એનું કારણ છે કે બંને પાછળ નરેન્દ્ર મોદીનું નામ અને સાખ લાગેલી હતી. બિહારમાં બીજેપીની હારના કારણો તો હજુ પુરા ચર્ચાયા પણ નથી ત્યાં ગુજરાતની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના ચોંકાવનારા પરિણામોએ ગુજરાતમાં આનંદીબેનની અને દિલ્હીમાં મોદીની ઊંઘ ચોક્કસ ઉડાડી દીધી છે. જેમ બિહારના પરિણામો પણ કલ્પનાતીત હતા એમ ભલે થોડી ઘણી ધારણા હતી છતાં પણ ગુજરાતમાં થયેલો બીજેપીનો રકાસ તો ભલભલા રાજકીય પંડિતોએ પણ ધાર્યો નહોતો એનાથી પણ વધુ કરુણ નીકળ્યો . સવાલ બીજેપી કેટલી જગ્યાએ જીત્યો એના કરતાયે વધુ મહત્વનો છે કે કેટલી જગ્યાએ હાર્યો ? અને હાર્યો તો પણ કોની સામે ? એક એવા પક્ષ સામે કે જેનું અસ્તિત્વ જ ગુજરાતમાં નાબુદ થવાની તૈયારીઓ હતી, એક એવા પક્ષ સામે કે જેણે છેલ્લા ૧૨-૧૨ વર્ષોથી ફક્ત હાર, હાર અને હારનું જ મુખ્ડું જોયેલું. કોંગ્રેસને બગાસું ખાતું પતાસું મળી ગયું એમ કહેવા કરતા એમને સોનાની થાળીમાં પતાસું પીરસાયું એમ કહેવું ખોટું નથી અને આ પીરસનાર બીજું કોઈ નહિ પણ પાટીદારોની સરકાર સામેની નારાજગી અને આક્રોશ જ હતું.

સ્કોલરશીપ સ્કીમ્સ અને બીજી જાહેરાતો પછી એમ લાગતું હતું કે પાટીદાર અનામત આંદોલનની આગ કદાચ બીજેપીને બહુ નહિ દઝાડે અને જો હજુ એ આગ સળગતી હશે તો દિવાળીનો ફેસ્ટીવલ મુડ અને લગનગાળો કદાચ ઓછા મતદાનના રૂપે બીજેપીની વહારે આવશે એવું પણ એક અનુમાન હતું પણ ૨૦૧૦ કરતા વધુ મતદાન થયું ત્યારે જ લાગેલું કે જનતાએ કૈક જુદું જ ધાર્યું છે, ખાસ કરીને પાટીદારોએ. મોદીએ જ્યારથી ગુજરાતની ધુરા સાંભળી ત્યારથી લઈને એમણે ગયા વર્ષે દિલ્હીનું શાશન સંભાળ્યું ત્યાં સુધીમાં ગુજરાતમાં ભાજપ ઓલમોસ્ટ ખૂણેખૂણે પહોચી ગયેલો. લગભગ બધી જ કોમો, પ્રદેશો પછી ચાહે એ શહેર હોય કે ગામડું દરેક જગ્યાએ ભાજપની સક્રિયતા અને પ્રભાવ રહેતો અને વધતો જ રહેતો. ભાજપને પહેલેથી જ શહેરી મતદારોનો પક્ષ કહેવામાં આવતો પણ મોદીના એક દસકાના શાશન પછી એની પહોંચ શહેરોથી આગળ ગામડાઓ સુધી પહોચી ગયેલી. ૨૦૧૫ની આ ચૂંટણીમાં સમયનું ચક્ર ઉલટું ચાલ્યું અને પરિણામો પરથી અત્યારે તો એવું ચિત્ર ઉપસ્યું કે ભાજપ શહેરો કે મહાનગરો પુરતો સીમિત થઈ ગયો કે શું? સમજવું હજુ પણ અઘરું છે અને આવું કહેવું એટલા માટે વધુ અઘરું છે કે ૨૦૧૭ વિધાનસભા ચુનાવને હજુ વાર છે.

થોડા આંકડાઓ આને સમજવા વધુ ઉપયોગી થશે. ૮ જીલ્લા એવા નીકળ્યા કે જ્યાં બીજેપી એક પણ તાલુકા પંચાયત જીતી ના શકી.૨૦૧૦માં બીજેપીએ ૩૨ ઉમાંથી ૨૬૯ લોકલ બોડી જીતેલી મતલબ કે ઓલમોસ્ટ ૮૩%, અને પાંચ વર્ષ પછી ૨૦૧૫મા આમાંથી ૪૪%માં હાર થઈ. કોન્ગ્રેસ્સે ૨૦૧૦ની ૨૬ તાલુકા પંચાયત સામે ૨૦૧૫મા ૧૩૪માં જીત હાસલ કરી. કોંગ્રેસની શાનદાર જીત પછી પણ મજાની વાત એ છે કે જો કુલ સીટોની ટકાવારી કાઢો તો બીજેપી (૪૮%) અને કોંગ્રેસ (૪૬%) વચ્ચે બહુ પાતળો તફાવત રહે છે. પાટીદારોનો આક્રોશ એ અનેક કારણોમાના એક કારણ ગણો તો પણ બીજેપી માટે આ ચૂંટણીએ અનેક ખતરાની ઘંટડીઓ વગાડી દીધી છે કેમકે જો પાટીદારોનો આક્રોશ એક કારણ ગણો તો એવા ઘણા બધા પરિણામો આવ્યા છે કે જ્યાં પાટીદાર બહુમતી છતાં પણ બીજેપી જીતી છે અને એનો પુરાવો અમદાવાદ સહીત ૬ મહાનગરોમાં ભાજપને મળેલી જીત છે જ ભલે બેઠકો ઘટી હોય છતાં પણ,એટલે પાટીદારોની સાથે સાથે બીજા અનેક કારણોએ પણ બીજેપીના આ રકાસમાં ચોક્કસ ભાગ તો ભજવ્યો જ છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં મોટાભાગે લોકલ ફેક્ટર જ કામ કરતા હોય છે. જનરલી સ્થાનિક મુદ્દાઓ અને પરિબળોનો પ્રભાવ સ્થાનિક ચૂંટણીઓ પર વધુ રહેતો હોય છે. વિધાનસભા કે લોકસભાની બેઠકમાં હાર-જીતનું આકલન કરવું હજુ પણ સહેલું છે પણ ગ્રામ-તાલુકા કે જીલ્લાની ચૂંટણીનો મિજાજ પારખવો એટલા માટે અઘરો છે કે લોકલ હોલ્ડ અને ઝોક એટલી જલ્દી નથી ઓળખાતો પણ હા એટલું ખરું કે એના પરિણામોની અસરો આવનારી સેન્ટર કે સ્ટેટની ચૂંટણી પર પડી શકે છે અને અહી જ બીજેપીની સાચી ચિંતા છે. ૨૦૧૫ના પરિણામો પછી અને ખાસ કરીને ગામડાઓ કે નાના નગરોમાં ભાજપને મળેલી શિકસ્ત પછી શિવસેનાએ હમણાં જ કહેલી વાતને આગળ વધારીએ તો બીજેપીએ વિચારવું પડશે કે વિકાસના ફળ શું ગામડાઓ સુધી નથી પહોચ્યા કે પછી હજુ પણ એમાં કચાસ રહી ગઈ છે ? પાટીદાર અનામત આંદોલન તો કદાચ હવે સાઈડ-લાઈન થઈ જશે કે વધુ ઉગ્ર થશે એની ચિંતા કરતા પણ શહેરોને બાદ કરતા ગામડાઓમાં ફરીથી પગ કેમ જમાવવો એ બીજેપી નેતાગીરી માટે પ્રાણપ્રશ્ન થઈ જવાનો એ નક્કી છે.

કોંગ્રેસને તો આ જીતથી એક નવું જોમ તો મળ્યું જ છે અને આમ પણ એમને કશું વિશેષ ગુમાવવાનું હતું નહિ કેમકે આ ચૂંટણીમાં જનતાના આટલા બધા પ્રેમનું સાચું કારણ તો કોંગ્રેસ અને જનતા બંને જાણે જ છે પણ બીજેપીએ આ પરિણામોથી ઘણા સબક શીખવા રહ્યા. ખાસ કરીને ગામડાના મતદાતાની વિમુખીનું કારણ. પાટીદાર આંદોલનનો શક્ય એટલો ઝડપી ઉકેલની સાથે સાથે વિકાસ અને પાયાની સુવિધાઓને છેક છેવાડા સુધી પહોચાડવાનું એટલું જ નહિ પણ ગામડાના મતદારોને ફરીથી ભાજપ તરફ વાળવાના સઘળા પ્રયાસો કરવા રહ્યા. શહેરોમાં ભાજપની જીત એ દર્શાવે છે કે અર્બન મતદાતા અનામત, અસુવિધાઓ કે બીજી તકલીફો છતાં પણ ભાજપ સાથે રહ્યો છે પણ એ ક્યાં સુધી ? ૨૦૧૭ સુધીમાં ફરીથી આંતરિક જૂથબંધીમાંથી બહાર આવીને ગામડા અને શહેર વચ્ચે પડેલી ખાઈ જે આ ચૂંટણીમાં દેખાઈ છે એને પુરવી પડશે. સતત જીતના નશામાં જુમતા નેતાઓએ પ્રજાના પ્રશ્નો - પછી ચાહે અનામત હોય કે પછી બીજા કોઈ ને ઉકેલવા પડશે.

નરેન્દ્ર મોદી અને અમિત શાહની ગેરહાજરીમાં થયેલી આ પ્રથમ ચૂંટણી, પાટીદારોનો અસંતોષ, ભાજપમાં જ અસંતુષ્ઠોની જૂથબંધી અને એમાં અચાનક આવી પડેલી આ ચૂંટણીઓ છતાં પણ ૬ મહાનગરપાલિકામાં બીજેપી શાશન ટકાવી શકી એ વાત આનંદીબેન માટે રાહતના સમાચાર બની ગઈ છતાં પણ ભલે ભાજપ નેતાગીરી એમ કહે કે મતદારોએ અમારા પર વિશ્વાસ મુક્યો છે પણ હકીકત એ છે કે અનેકો જીલ્લા અને તાલુકા પંચાયતોમાં રીતસર ભાજપનું ધોવાણ થઈ ગયું છે જાણે કે વર્ષોથી ગોઠવી રાખેલું કોઈ જાળું અચાનક તાર-તાર થઈ ગયું હોય. તો સામે છેડે કોંગ્રેસ ભલે અચાનક થયેલા આ વિજય-લાભને આનંદીબેન સરકાર વિરુદ્ધનો જનમત ગણાવતી હોય પણ એ પણ સારી પેઠે જાણે છે કે કોંગેસના આ ભવ્ય વિજયમાં પાટી કરતા પાટીદારોનો સિંહફાળો છે. જો કોંગ્રેસ આ આવી પડેલા અચાનક વિજયતીલકનો લાભ ઉઠાવીને એટલીસ્ટ જીતેલી સીટો પર પણ જો પોતાનો પ્રભાવ મજબુત કરી શકે તો ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણી ગુજરાત માટે - ભાજપ માટે અને ખાસ તો નરેન્દ્ર મોદી માટે અતિ રસાકસીભરી થવાની એ નક્કી છે. લોકશાહીમાં જનતા જનાર્દન હોય છે એ સતત યાદ રાખવું પડે છે નહીતર પછી બિહાર હોય કે ગુજરાત પ્રજાનો મિજાજ ભલભલાને ધૂળ ચાટતા કરી મુકે છે એ નક્કી છે.

- akurjt@gmail.com

એ મને હંમેશાં યાદ રહેશે – સાચવવા જેવી સંવેદનશીલ ક્ષણોનું પ્રાગટ્ય



ગુજરાત રાજ્ય અને ગુજરાતી ભાષા એ રીતે નસીબદાર છે કે એને ઘણા મુખ્યમંત્રીઓ સર્જક મળ્યા છે. આમાં શ્રી આનંદીબહેન પટેલ વિશેષ રીતે આપણી સામે આવે છે. એક તો ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી અને મૂળે શિક્ષક જીવ અને પાછા સર્જક. જો કે દરેક સાચો શિક્ષક સર્જક જ હોય છે. એ વિદ્યાથીઓના જીવતરને ઘડે છે.

આજે ઈન્ટરનેટના આ યુગમાં જ્યારે પ્રેમ. લાગણી, સંવેદન, સંબંધ, સદભાવ, સમજણ, સરળતા, સત્ય જેવા મૂલ્યો વિસરાતા જાય છે ત્યારે આવા કપરા સમયમાં નવલકથા, વાર્તા કે નાટક નહી પણ જીવનની નાની નાની ક્ષણોની સંવેદનાઓનું સર્જન કરીને આનંદીબહેન પટેલ આપણી સામે " એ મને હંમેશાં યાદ રહેશે " નામના પુસ્તકમાં ૩૫ જેટલા સંસ્મરણો લઈને આવે છે. આમ જોઈએ તો આ સંસ્મરણો એમની લાગણીના દસ્તાવેજો છે. પ્રથમ જ પ્રસંગ આપણી આંખો ભીની કરી નાખે એવો છે. શાળાએ દરરોજ મોડી આવતી અને શિક્ષિકા એને સ્કૂલેથી કાઢી મૂકતા. એ બાળકી એક દિવસ અચાનક સમયસર આવે અને પૂછતા જાણવા મળે કે તેનો અંધ ભાઈ હતો તેનું ધ્યાન રાખવું પડતું હતું... ગઈ કાલે જ તેનું મૃત્યુ થયું હતું... સાચું સંવેદન લેખિકાના મનમાં હવે શરું થાય છે કે જો એ બાળકી પાસેથી મોડું આવવાનું કારણ પહેલેથી જાણ્યું હોત તો.. શક્ય છે કે એ અંધ ભાઈની સારવાર થઈ શકી હોત અને આજે તે પણ... તો વળી બીજા એક પ્રસંગમાં બાળકોમાં વિશ્વાસ અને નિષ્ઠાનો ગુણ ખીલે તે માટે સ્કૂલમાં 'રામદુકાન' ખોલીને સફળ પરિણામ મેળવવાની વાત પણ અહી છે. તો વળી ગરીબ વિદ્યાથીઓની કરેલી મદદ, એક ગરીબ દીકરીનું ગુરુકુળમાં કરાવેલું બિલકુલ ફ્રીમાં એડમિશન, ગરીબ બાળકને ચેસની રમતમાં પ્રોત્સાહન આપી છેક રાષ્ટ્રીય કક્ષા સુધી પહોંચાડવો, " ડોકટર કેતન સર પાસે તો હું ઓપરેશન નહી જ કરાવું " એવી જીદ અને ડર લઈને બેઠેલા બાળકની સાહજિકતાથી, પૂરી શ્રદ્ધાથી એ કેતનસર પાસે જ ઓપરેશન પાર પાડવું કે ૨૬, જાન્યુઆરી, ૨૦૦૧ના ભૂકંપ બાદ પાલનપુર હોસ્પિટલમાં લીધેલી એક બાળકની સંવેદનશીલ મુલાકાત, ૨૦૧૦માં કચ્છ જિલ્લાના સરહદ પરના ઘોરડા ગામમાં ઉજવાયેલા રણોત્સવ વખતે રાત્રે 'મિયા હુસેન ' ના ઘરની લીધેલી મુલાકાત... આવા સાવ નાના લાગતા પ્રસંગોને કલમ દ્વારા ૨૪ કેરેટના સંવેદનથી મઢીને આપણી સામે લેખિકાએ મૂક્યા છે. આ ગ્રામ પ્રજાના માનસપટ પડેલી સંવેદનાત્મક અસરની નોંધ આજે કોણ લે છે? વૈશ્વિક વિકાસની સાથે સાથે લેખિકાએ પ્રત્યેક હૃદયમાં સંવેદના જગાવીને સંસ્કારની જ્યોતને ઝળહળતી રાખી છે. તો વળી લેખિકા ખુદ ક્યાંક કબૂલે છે કે 'હું ભલે એમાં માત્ર નિમિત હતી. પરંતુ રાજપુત સમાજની વિધવા બહેનોને પેન્શન અને કુરિવાજોમાંથી મળેલી મૂક્તિમાં ય નિમિત બનવાનું સદભાગ્ય મને મળ્યું છે' ઉપરાંત ભણતર પ્રત્યે અરૂચિ ધરાવતા નાના બાળકોને ક્રિકેટ રમાડી શિક્ષણ તરફ વાળવાનું પૂણ્ય આ લેખિકા કમાઈ ચૂક્યા છે. તો વળી એક વૃદ્ધ દંપતિના જીવનની એકલતા તોડવા માટે તેમના પુત્ર અને પુત્રવધૂની ભુજથી બદલી કરીને પોતાના ગામમાં લાવવા અને થોડા સમયમાં જ આ યુગના પત્નીવડિયા પુત્રએ પોતાના માતા-પિતાને જ ફરી એકલા જીવવા મજબૂર કર્યા છતાય 'ના ના એ ભલે સુખી થતા હોય' એવા આશીર્વચન આપનાર વૃદ્ધ પિતાની હૂંફ આજે ક્યા જોવા મળે છે ? જો કે બહેને એ બન્ને શિક્ષક દંપતિને રૂબરૂ બોલાવીને સમજાવ્યા હોત તો શક્ય છે કે એ વૃદ્ધ દંપતિને નિરાશ ના થવું પડ્યું હોત. અન્ય એક પ્રસંગમાં ખોટા નિર્ણયને કારણે એક